©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] WEDNESDAY, 22nd APRIL, 2026/VAISHAKHA 02, 1948 [Issue No. 17

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૧.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. આ ચુંટણી દરમ્યાન રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્રી ચુંટણી પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં યોજાય તથા વિક્ષેપો ઉભા થાય નહી અને ચૂંટણીના સરળ સંચાલન માટે જાહેર સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવો અત્યંત જરૂરી જણાતો હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ મુજબ નીચે મુજબના પગલાં લેવા પુરતા કારણો છે.

જેથી હું, **ડો. ઓમ પ્રકાશ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રુએ આથી ફરમાવું છું કે, રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આ હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અધિકૃત અને સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતા વધુ વ્યક્તિઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહીં કે કોઈ સરઘસ કાઢવું નહી. તેમજ ચૂંટણી વિષયક સભા-સરઘસનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં ઉમેરવાનો રહેશે.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

અપવાદ :

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિને.

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૪) કોઈ સ્મશાનયાત્રાને.

આ જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે. તેમજ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરવી.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે અને આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજ્જો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૨.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. ચૂંટણીઓના પ્રચાર માટે ચોપાનીયા, ભીંતપત્રો, પોસ્ટર્સ, કટ આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ વિગેરે ઉમેદવારો અને રાજકીય પક્ષો તરફથી .મેદવારોની ઓળખ તેમજ અન્ય બાબતોએ વિવિધ છાપકામ કરાવી પ્રસિધ્ધ કરવામાં આવે છે. તથા લોકોમાં વહેંચણી કરવામાં આવે છે. આવા દસ્તાવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારના ચારીત્ર ખંડન જેવી કોઈ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સબંધિત વ્યક્તિ સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલા લઈ શકાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો, પોસ્ટર્સ, કટ આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ વગેરેના મુદ્રણ અને પ્રકાશન ઉપર નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

ઉપરોકત જોગવાઈની ચુસ્ત અમલવારી કરવા સારૂ જરૂરી હુકમ કરવા માટેના યોગ્ય કારણો જણાતા હોય હું, **ડો. ઓમ પ્રકાશ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) કોઈપણ વ્યક્તિ કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી કે આવી ઉપર મુજબની સામગ્રી છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં.

(૨) કોઈપણ વ્યક્તિ કે સંસ્થા ચુંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં. સિવાય કે,

(એ) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યક્તિઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને

(બી) લખાણ છપાયા પછી મુદ્રકે ત્રણ દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રની એક નકલ કલેકટર કચેરી, સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી શાખાને તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીની કચેરીને મોકલી હોય.

(ક) આ જોગવાઈ પુરતું હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રક એ શબ્દના તે પ્રમાણે અર્થ થશે.

(૩) છાપેલા ચૂંટણી અંગેના કોઈ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય ઉપર મુજબની સામગ્રી પર મુદ્રક પંક્તિમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા અને ફોન, મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે.

(૪) મુદ્રકે પ્રકાશક પાસેથી મેળવેલ એકરારપત્ર જોડાણ-ક અને જોડાણ-ખના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર કલેકટર કચેરીની સ્થાનિક સ્વરાજ્ય (ચૂંટણી શાખા) તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે.

(૫) રાજ્ય ચૂંટણી આયોજના તા. ૧૭-૧૧-૨૦૨૧ના આદર્શ આચારસંહિતા અમલીકરણ માટે મુદ્દા નં.(૯) માં નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે અમલ કરવાનું રહેશે.

આ જાહેરનામું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા.૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે. તેમજ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવી.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે અને આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજ્જો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૩.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. જોગવાઈ મુજબ મતદાન પુર્ણ થવા માટે નિયત કરેલ સમય સાથે પુરા થતાં ૪૮ કલાકની મુદત દરમિયાન જાહેર સભાઓ અને ચૂંટણી પ્રચાર પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. મતદાન તા.૨૬-૦૪-૨૦૨૬ ના રોજ યોજાનાર છે. તેથી મતદાન પુરું થવાના સમય પહેલાના ૪૮ કલાક એટલે કે, તા. ૨૪-૦૪-૨૦૨૬ ના રોજ થી મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલાથી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાતો હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **ડો. ઓમ પ્રકાશ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ** રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં મતદાન પુરું થવાના સમય પહેલા ૪૮ કલાક એટલે કે તા. ૨૪-૦૪-૨૦૨૬ના સાંજના ૬-૦૦ કલાકથી નીચે મુજબ અમલવારી કરવા આદેશ ફરમાવું છું.

કૃત્યો :

(૧) કોઈપણ વ્યકિત

(એ) ચૂંટણી સબંધમાં કોઈ જાહેરસભા બોલાવશે નહીં, યોજશે નહીં, સંબોધન કરશે નહીં કે સરઘસ કાઢશે નહીં કે તેવી સભામાં હાજરી આપશે નહીં.

(બી) સિનેમેટોગ્રાફ, ટેલીવિઝન, એલ.ઈ.ડી. અથવા આવા અન્ય સાધનોની સહાયથી ચૂંટણી સામગ્રી જાહેરમાં પ્રદિર્શિત કરશે નહીં.

(સી) મતદાન વિસ્તારમાં જાહેર જનતાને આકર્ષવાની દ્રષ્ટિએ જાહેરમાં કોઈ સંગીતનો જલસો, થીએટરનો કાર્યક્રમ, કોઈ મનોરંજન કાર્યક્રમ કે સમુહભોજન યોજીને કે યોજવા માટેની વ્યવસ્થા કરી આપીને ચૂંટણી પ્રચાર કરશે નહીં. કે ચૂંટણીના પરીણામ પર અસર કરે તેવા ઈરાદાવાળી કોઈ પ્રવૃતિ કરશે નહીં.

આ હુકમ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમની રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે અને આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજજો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૪.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. મતદાન પુરું થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતાં ૪૮ કલાકના સમયગાળામાં ચૂંટણી પ્રચાર બંધ કરવાની જોગવાઈ છે. જે મુજબ સમગ્ર રાજકોટ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ ના સાંજના ૬-૦૦ વાગ્યા સુધી, મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલાથી ચૂંટણી પ્રચાર બંધ કરવાનો રહે છે. ચૂંટણી પ્રચારનો સમયગાળો પુરો થાય તે પછી સબંધિત મતદાર વિભાગના મતદાર ન હોય તેવા રાજકીય પદાધિકારીઓએ મત વિસ્તાર છોડી દેવાનો રહે છે.

જિલ્લામાં ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજી શકાય, લોકો કોઈપણ પ્રકારના ભય કે શેહશરમ વગર મતદાન કરી શકે અને ચૂંટણી આયોગ તરફથી આપવામાં આવેલ ઉકત સુચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે માટે નીચે મુજબનો હુકમ ફરમાવવો જરૂરી જણાતો હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **ડો. ઓમ પ્રકાશ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ** રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં તા. ૨૪-૦૪-૨૦૨૬ના સાંજના ૬-૦૦ વાગ્યેથી નીચે મુજબ અમલવારી કરવા ફરમાવું છું.

કૃત્યો :

(૧) ચૂંટણી પ્રચારના સમયગાળા દરમિયાન રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં બહારના રાજકીય પદાધિકારીઓ, પક્ષના કાર્યકરો, સરઘસ કાઢનારાઓ, ચૂંટણી પ્રચારકો વગેરે કે જેઓ મતદાર વિભાગની બહારથી આવેલ હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી એટલે કે, તા. ૨૪-૦૪-૨૦૨૬ના રોજ સાંજના ૦૬-૦૦ વાગ્યા પહેલા તાત્કાલીક ધોરણે ઉક્ત વિસ્તાર છોડી જતા રહેવું.

(૨) આ જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરવા રાજકોટ ગ્રામ્ય પોલીસ તંત્ર તથા જીલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ સાર્વજનીક સભા ખંડો, હોટલ રેસ્ટોરન્ટ, વીશી અને અતિથિગૃહોની ધનિષ્ઠ તપાસણી કરવી તથા મતદાર વિભાગની હદમાં તપાસ નાકા ઉભા કરવા અને બહારથી આવતા વાહનોની અવર-જવર પર દેખરેખ અને તપાસ રાખી, ચૂંટણી પ્રચાર અર્થે બહારથી આવેલ કોઈ લોકો મતદાર વિભાગમાં રોકાયેલ નહી હોવાની ખાતરી કરવી.

(૩) રાજકીય પક્ષના રાજ્ય કક્ષાના ઈનચાર્જ પદાધિકારીઓએ રાજ્યના હેડ કવાર્ટરમાં રોકાવાના હોય તે સ્થળ જાહેર કરવાનું રહેશે તથા સામાન્ય રીતે રહેઠાણ અને પક્ષના કાર્યાલય વચ્ચે આવક-જાવક કરી શકશે.

આ હુકમ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમની રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે અને આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજ્જો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૫.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. ચૂંટણીઓ નિષ્પક્ષ, મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તે માટે ચૂંટણી પંચ તરફથી વખતો-વખતની સુચનાઓ સ્પષ્ટતાઓ ધ્યાને લઈ પ્રસ્તુત ચૂંટણી અનુસંધાને અનુસરવાની આદર્શ આચારસંહિતાની સુચનાઓ થઈ આવેલ છે. જે પૈકી સરકારી, અર્ધસરકારી, પંચાયતના વિશ્રામગૃહ ડાકબંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગ પર નિયંત્રણો મુકવામાં આવેલ છે.

જેથી ચૂંટણી આયોગ તરફથી આપવામાં આવેલ આચારસંહિતા બાબતની ઉક્ત સુચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે માટે નીચે મુજબનો હુકમ ફરમાવવો જરૂરી જણાતો હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **ડો. ઓમ પ્રકાશ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ** રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) રાજકોટ જિલ્લામાં આવેલ સરકારી, અર્ધસરકારી આરામગૃહો, ડાકબંગલાઓ, વિશ્રામગૃહો તથા સરકારી રહેણાંકો તેની સાથે જોડાયેલ આંગણ, કમ્પાઉન્ડ સહિત કોઈ રાજકીય પક્ષના હોદેદારો, ચૂંટણી લડતા ઉમેદવારો તેમના ચૂંટણી એજન્ટોએ રાજકીય હેતુસર કે ચૂંટણી વિષયક કે ચૂંટણી પ્રચાર-પ્રસારના હેતુસર ઉપયોગ કરવા પર.

(૨) વિશ્રામગૃહ, અતિથિગૃહ, ડાકબંગલાના સ્થળે રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગીક મીટીંગ પર યોજવા પર.

(૩) આવા આવાસના કમ્પાઉન્ડમાં રાજકીય ચૂંટણી હેતુ માટે ઉપયોગમાં લેવાના વાહનો પાર્કીંગ કરવા પર.

(૪) ચૂંટણી પ્રચાર હેતુ માટે આવતા કોઈપણ મહાનુભાવોને મતદાર પુરું થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવા પર પરંતુ જે રાજકીય પદાધિકારીઓને ઝેડ કક્ષાની કે રાજ્યના કાયદાની જોગવાઈ અનુસાર સમાન કે તેથી વધુ કક્ષાની સુરક્ષા વ્યવસ્થા આપવામાં આવેલ હોય તેમને વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે સિવાય કે આવો રૂમ ચૂંટણી ફરજ પર નિમાયેલ અધિકારી / નિરિક્ષકને અગાઉથી ફાળવવામાં આવેલ ન હોય, પરંતુ આવી ઝેડ સ્કેલની સીકયુરીટી ધરાવતા વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહે તે દરમિયાન કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃત્ત હાથ ધરવા પર.

આ હુકમ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમની તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે અને આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજ્જો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૬.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. ચૂંટણી આયોગની સ્થાયી સુચનાઓ અનુસાર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(સી) હેઠળ ચૂંટણી દરમિયાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે દારૂ તથા નશાકારક ચીજોના વેંચાણ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. આજુબાજુના વિસ્તારોમાંથી પણ એક સ્થળેથી બીજા સ્થળે દારૂની ચોરી છુપીથી ગેરકાયદેસર હેરાફેરી ન થઈ શકે તે માટે જરૂરી પગલા ભરવાના રહે છે. તેમજ મતગણતરીના દિવસને પણ 'ડ્રાય ડે' તરીકે જાહેર કરવા સૂચનાઓ અપાયેલ છે. જેથી મુંબઈ નશાબંદી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, **ડો. ઓમ પ્રકાશ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ** રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં નીચે મુજબના દિવસોને 'ડ્રાય ડે' જાહેર કરવાનો આથી હુકમ કરૂ છું.

(૧) મતદાનનો સમય પુરો થયા ૪૮ કલાક પહેલાના સમય એટલે કે, તા. ૨૪-૦૪-૨૦૨૬ ના રોજ સાંજના ૦૬-૦૦ કલાકથી તા. ૨૬-૦૪-૨૦૨૬ના સાંજના ૦૬-૦૦ કલાક સુધી

(૨) જો પુનઃ મતદાનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તા. ૨૭-૦૪-૨૦૨૬ ના રોજ સાંજના ૦૬-૦૦ કલાક સુધી

(૩) મતગણતરીનો દિવસ એટલે કે તા. ૨૮-૦૪-૨૦૨૬ નો દિવસ (આખો દિવસ)

ઉપરોક્ત 'ડ્રાય ડે'ના દિવસોએ જણાવેલ સમય દરમ્યાન તમામ વિદેશી દારૂની દુકાનો (એફ.એલ.-૧ અને એફ.એલ.-૨ પરવાનેદાર) તેમજ પોષ ડોડવાનું વેચાણ કરતી દુકાનો (પોપી ૨-એએ અને પોપી-૨ પરવાનેદાર) એ ઉપયુર્કત દિવસોએ દારૂ કે પોષ ડોડવાનું વેચાણ કરવું નહી. તેમજ વાઈન શોપ અને પોષ ડોડવાના પરવાનેદારોએ આ દિવસો દરમ્યાન દારૂ વેચાણ તેમજ પોષ ડોડવા વેચાણ માટેની દુકાનો બંધ રાખવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે અને આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજ્જો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૭.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. મતદાનની આ પ્રક્રિયા દરમ્યાન મતદારો નિર્ભયપુર્વક અને શાંતિપુર્ણ વાતાવરણમાં મતદાન કરી શકે તેમજ મતદાનની કાર્યવાહી દરમ્યાન તોફાની તત્વો કોઈ ખલેલ પહોંચાડે નહી તેમજ અન્ય ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે નીચે હુકમ કરવો જરૂરી હોવાનુ અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **ડો. ઓમ પ્રકાશ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ** રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ ના સવારના ૦૭-૦૦ કલાક થી રાત્રીના ૧૨-૦૦ કલાક સુધી તથા જો પુનઃમતદાનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેવા કિસ્સામાં તા. ૨૭-૦૪-૨૦૨૬ ના સવારના ૦૭-૦૦ કલાક થી રાત્રીના ૧૨-૦૦ કલાક સુધી આ હુકમની નીચે જણાવ્યા મુજબ અમલવારી કરવા હુકમ કરમાવું છું.

કૃત્યો :

(૧) ચુંટણી માટેના ઉમેદવાર કે તેના ચુંટણી એજન્ટ કે અન્ય કોઈપણ વ્યક્તિ મતદાન મથકના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચુંટણી માટે બુથ ઉભા કરી શકશે નહી અને એકજ મંડપ બાંધી શકાશે અને તેમા એક ટેબલ અને બે ખુરશી જ રાખી શકાશે. તડકાથી/વરસાદથી રક્ષણ માટે છત્રી અથવા તાળપત્રીનો ટુકડો માથાના ભાગે રાખી શકાશે પરંતુ મંડપની ફરતે કંતાન કે પછેડી જેવી આડશ લગાવી શકાશે નહીં.

(૨) કોઈપણ વ્યક્તિ મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશાવ્યવહારના અન્ય કોઈપણ ઉપરકરણો લઈ જશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહીં.

અપવાદ :

આ હુકમના ખંડ-૨ માંથી નીચે જણાવેલ વ્યક્તિઓને મુક્તિ આપવામાં આવે છે.

(૧) ચુંટણી તેમજ ચુંટણીના સંચાલન અંગેની ફરજ જે અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવેલ છે તે તમામ

(૨) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/પેરામીલટ્રી ફોર્સના અધિકારી તથા જવાનો

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ દ્વારા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્ય પત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું. આ હુકમ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે અને આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજજો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૮.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. જેથી મતદાન મથકો પર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો પર તથા તેની નજીકના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ અડચણ થતી અટકાવવા તથા કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતી જાળવવા પગલા લેવા જરૂરી છે.

સબબ, હું **ડો. ઓમ પ્રકાશ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ** ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ના અધિનિયમની કલમ-૩૬(૧) અને (ઘ) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, સદરહુ ચૂંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ,

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણીએ ઉભા રહેવું.

(૨) મતદારે મતદાન મથકમાં લાઈન મુજબ પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી ચાલ્યા જવું.

આ હુકમ તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ મતદાન પુર્ણ થતાં સુધી તથા જો પુનઃ મતદાનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેવા કિસ્સામાં તા.૨૭-૦૪-૨૦૨૬ ના રોજ મતદાન પુર્ણ થતાં સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લઘંન કરનારને સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૪ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે અને આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજજો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ ધ્વારા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્ય પત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું. આ હુકમ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૯.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. મતગણતરીની આ પ્રક્રિયા શાંતિપુર્ણ વાતાવરણમાં થઈ શકે તેમજ અન્ય ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે નીચે હુકમ કરવો જરૂરી હોવાનુ અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **ડો. ઓમ પ્રકાશ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ** રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં તા. ૨૮-૦૪-૨૦૨૬ના સવારના ૦૭-૦૦ કલાક થી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી આ હુકમ નીચે જણાવ્યા મુજબ અમલવારી કરવા હુકમ ફરમારવું છું.

કૃત્યો :

(૧) કોઈ પણ વ્યક્તિ કે જેમાં ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ તેમજ મતગણતરી એજન્ટ સહીતના કોઈ પણ વ્યક્તિ મતગણતરી હોલમાં કે મતગણતરી કેન્દ્રની કમ્પાઉન્ડ વોલ સહીતના પ્રીમાઈસીસમાં કોઈ પણ પ્રકારનું હથીયાર, સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશાવ્યવહારના અન્ય કોઈ ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

(૨) કોઈપણ વ્યક્તિ સક્ષમ અધિકારીશ્રી તરફથી ઈસ્યુ કરવામાં આવેલ ફોટોગ્રાફ સહીતના અધિકૃત પ્રવેશ પાસ વિના મતગણતરી કેન્દ્રમાં દાખલ થઈ શકશે નહી તેમજ આવા પ્રવેશ પાસ સરળતાથી દેખાઈ આવે તે રીતે પ્રદર્શીત કરવાના રહેશે.

(૩) મતગણતરી કેન્દ્રની આસપાસના ૨૦૦ મી. વિસ્તારમાં સક્ષમ અધિકારીશ્રી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સીવાય ૪ કરતા વધુ વ્યક્તિઓ એકત્રીત થઈ શકશે નહી અથવા કોઈ સભા ભરી શકશે નહીં કે સરઘસ કાઢી શકશે નહીં.

અપવાદ :

મતગણતરી અંગેની ફરજ જે અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવેલ છે અને તેઓને ખાસ કિસ્સામાં મુક્તિ મળેલ હોય તો.

શિક્ષા :

આ હુકમ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર ભારતીય ન્યાય સંહિતા કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે અને આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજજો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૧૦.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. આ ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે, જાહેર સુલેહ શાંતી યોગ્ય રીતે જળવાય અને મુકત ન્યાયી ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય તે હેતુથી ચૂંટણી આયોગ વિવિધ ઉપાયાત્મક પગલાઓ લેવા સુચના કરેલ છે.

ચૂંટણી દરમ્યાન હિંસક બનાવો ન બને અને કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથીયારોનો ઉપયોગ થાય તેવી શક્યતા રહેલી હોઈ જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન હથીયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઈ ન શકે તે માટે રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં હથીયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે. ઉકત વિસ્તારમાં બહારથી જે લોકોએ હથીયાર પરવાના મેળવેલ હોય કે હથીયારનો ઉપયોગ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ન કરી શકે તે માટે જાહેરમાં આ પ્રદર્શિત કરવા તેમજ હેરાફેરી કરવા ઉપર તાત્કાલિક પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

સબબ, હું, **ડો. ઓમ પ્રકાશ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ** સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/પેટા ચૂંટણી દરમ્યાન કોઈપણ પ્રકારની શાંતીનો ભંગ ન થાય જાહેર સલામતી, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે હુકમ કરૂ છું કે,

(૧) ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કોઈપણ સમક્ષ અધિકારીએ આપેલ લાયસન્સવાળા હથીયારો તથા ઉપર દર્શાવેલા પ્રકારના કોઈપણ હથીયાર જાહેરમાં પ્રદર્શિત કરવા ઉપર તેમજ હેરાફેરી કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

(૨) ઉપરાંત રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં બહારથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ પણ હથીયાર ધારણ કરવું નહી અથવા હથીયાર સાથે જાહેરમાં કરવું નહી.

(૩) આર્મ્સ એકટ હેઠળ મંજુર કરવામાં આવેલ વ્યક્તિગત હથીયાર પરવાના હેઠળના આત્મરક્ષણ તથા પાકરક્ષણના તમામ હથીયારો તાત્કાલિક અસરથી જે-તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા સંબંધીત પોલીસ સ્ટેશને પરવાનેદારને તેમનું હથીયાર તા. ૩૦-૦૪-૨૦૨૬ પછી તરત જ પરત કરવાનું રહેશે અને તેમના માટે અલગ હુકમની જરૂરીયાત રહેશે નહીં. જે હથીયાર પરવાના રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં રજુ કરેલ હોય તેવા હથીયાર પરવાના હેઠળના હથીયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુઅલ અરજી રજુ કર્યાની આ કચેરીની કોમ્પ્યુટરાઈઝડ પહોંચ કે જેમાં સહીની જરૂર રહેતી નથી તેવી પહોંચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાનાં રહેશે અને તેવી જ રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયે પરત સોંપવાના રહેશે.

(૪) આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથીયારો શસ્ત્ર નિયમો-૨૦૧૬ ના નિયમ ૪૭ અને ૪૮ હેઠળ સલામત અને સુરક્ષીત રાખવાના રહેશે અને જમા લીધેલ હથીયારની પહોંચ સંબંધીત પોલીસ સ્ટેશન તરફથી આપવાની રહેશે તથા ચૂંટણી આચારસંહિતા પૂર્ણ થયા બાદ પરવાનેદારને તેનું હથીયાર પરત સોંપવાનું રહેશે.

(૫) આ જાહેરનામું રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારને લાગુ પડશે.

અપવાદ :

આ આદેશમાંથી નીચેના હથીયાર પરવાનેદારોને હથીયાર જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

(અ) સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના નામે જે હથીયાર પરવાનો ધરાવતાં હોય તથા જે રાજ્ય કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય લેવલની સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન તરીકે પરવાનો ધરાવે છે, તેમને હથીયાર જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

(બ) માન્યતા ધરાવતી સિક્યુરીટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા તેમજ જ્વેલર્સના શોરૂમ પર ફરજ બજાવતા હથીયારધારી સિક્યુરીટી ગાર્ડને તેમના હથીયાર જમા કરાવવામાંથી આથી મુક્તિ આપવામાં આવે છે. આવા સિક્યુરીટી ગાર્ડએ સંબંધીત સંસ્થાનું સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

(ક) કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથીયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અથવા ચૂંટણીની ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહીં.

(ડ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટએ ખાસ પરવાનગી આપેલ હોય, તેમને લાગુ પડશે નહી.

(ઇ) હથીયારના પરવાનેદારોએ સંબંધીત પોલીસ સ્ટેશનમાં ફકત પરવાનાવાળા હથીયારો જમા કરાવવાના રહેશે, તેના કાર્ટીસ/દારૂગોળો જમા કરાવવાની જરૂર નથી.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૫ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતા કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે, જેની સર્વેએ નોંધ લેવી. આ આદેશની પ્રસિધ્ધી વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને કરવાની રહેશે. આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજજો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી હુકમ બહાર પાડયો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૧૧.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. ચૂંટણી અંગેની જાહેરાતની તારીખથી રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગેની આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

સદરહું ચૂંટણી પ્રક્રીયા દરમ્યાન રાજકીય પક્ષો અને તેના કાર્યકર્તાઓ, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. પ્રચાર માટે ઉચા અવાજે લાઉડ સ્પીકરોના ઉપયોગના કારણે ખુબ જ ધ્વનિ પ્રદુષણ પેદા થાય છે અને આમ જનતાની શાંતીમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણી પ્રક્રીયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું ઈષ્ટ જણાય છે.

જેથી, હું, **ડો. ઓમ પ્રકાશ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ નીકલમ-૧૬૩ તળે મને મળેલ સત્તાની રૂએ રાજકોટ જિલ્લા ગ્રામ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :

૧. કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને સવારના ૦૮-૦૦ કલાક થી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ થઈ શકશે.

૨. ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા કોઈપણ પ્રકારના વાહન પર સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય ચૂંટણી પ્રચાર અર્થે કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકર મુકી શકાશે નહી અને પરવાનગી મેળવેલ વાહનો દ્વારા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારના સંબંધિત તાલુકાના મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી પાસેથી તથા મોટર વ્હીકલ એક્ટ હેઠળ સક્ષમ અધિકારીશ્રી પાસેથી નિયત નમૂનામાં અરજી કરીને વાહન પરમીટ પ્રથમ મેળવી લેવાની રહેશે તથા વાહન પરમીટના હુકમમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. કોઈપણ પ્રકારના લાઉડસ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતા પહેલા લેખિતમાં જાણ કરવાની રહેશે.

૪. લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર તથા લાઉડ સ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધનો કે ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

૫. કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલ સમયના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહી.

આ જાહેરનામું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી તા. ૨૮-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે તેમજ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધી કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે અને જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજજો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે. આ આદેશની પ્રસિધ્ધી વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને કરવાની રહેશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી હુકમ બહાર પાડયો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૧૨.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. ચૂંટણી અંગેની જાહેરાતની તારીખથી રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગેની આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તથા તેમના ટેકેદારો તરફથી ચૂંટણી પ્રચાર અભિયાન શરૂ કરવામાં આવશે. પ્રચાર ઝુંબેશ અનુસંધાને ઉમેદવારો તેમના કાર્યકરો દ્વારા જાહેર તથા ખાનગી મિલ્કત માલિકોની લેખિત પૂર્વ પરવાનગી લીધા વગર ચૂંટણી લક્ષી પ્રચારપત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાનીઓ કે આકૃતિઓ, પક્ષના પ્રતિકો કે ઉમેદવારોને ફાળવેલા પ્રતિકો ચીતરીને વગેરે દ્વારા સાર્વજનિક અને ખાનગી માલીકીના મકાનોની દિવાલો, રોડ-રસ્તા બગાડે નહી તે માટ ભારતીય નિર્વાચન આયોગ દ્વારા રાજકીય પક્ષો અને ઉમેદવારોના માર્ગદર્શન માટે બહાર પાડવામાં આવેલ આચાર સંહિતા મુજબ કોઈ રાજકીય પક્ષ અથવા ઉમેદવારો પોતાના કાર્યકરને મકાનો, તાર કે વિજળીના થાંભલાઓ, વાહનો ઉપર ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટીશ ચોંટાડવા, સૂત્રો કે ઉમેદવારોને ફાળવેલ નિશાનોના પ્રતિકો લખવા વગેરે માટે માલિકની લેખિત અને પૂર્વ પરવાનગી વિના કોઈપણ વ્યક્તિની જમીન મકાનોની દિવાલો, રોડ-રસ્તા વગેરેનો ઉપયોગ કરવા દેશે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

ચૂંટણી આયોગે જાહેર કરેલ આચાર સંહિતાનો અમલ કરાવવા અને લોકોની તેમજ જાહેર માલ મિલ્કતને થતી હાની, વિકૃતિ, બગાડ અટકાવવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, **ડો. ઓમ પ્રકાશ(આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ** આ હુકમથી કોઈપણ વ્યક્તિ, સંસ્થા, ચૂંટણીના ઉમેદવારો અને તેઓના કાર્યકરોને અથવા તેમના દ્વારા નિયુક્ત કરેલ વ્યક્તિ, સંસ્થા કે પેઢી વિગેરેને ફરમાવું છું કે, સબંધિત જાહેર મિલ્કત અને ખાનગી માલીકોની લેખિત અને પૂર્વ પરવાનગી લીધા વિના જાહેર અથવા ખાનગી મિલ્કત ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને, સૂત્રો લખીને, નિશાનો ચીતરીને દિવાલો બગાડવી નહીં. તેમજ કોઈ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર પોતાના કાર્યકરોને ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટીસ ચોંટાડવા, સૂત્રો લખવા અથવા અન્ય કોઈપણ રીતે જાહેર અથવા ખાનગી મિલ્કત બગડે તેવી રીતે ચૂંટણી પ્રચાર કરવા વગેરે માટે માલીકની લેખિત અને પૂર્વ પરવાનગી લીધા વિના કોઈપણ વ્યક્તિની જમીન/મકાન, કમ્પાઉન્ડ, દિવાલ, વાહનો, રોડ-રસ્તા વગેરેનો ઉપયોગ કરવો નહીં કે બગાડવા નહીં.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગમાં મિલ્કત જેવી કે ધોરી માર્ગ, શેરી ગલી, ચાર રસ્તા, ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવતા સાઈન બોર્ડ, ધોરી માર્ગ ઉપરના માઈલ સ્ટોન, રેલ્વે ફાટક ઉપર ચેતવણી રૂપ નોટીસ, રેલ્વે પ્લેટફોર્મ, બસ, વાહન, ટર્મીનલના નામના બોર્ડ અથવા જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શિત કરેલ કોઈ અન્ય નોટીસ સાઈન બોર્ડનો સમાવેશ થાય છે.

આ હુકમ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે. આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૮-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે અને જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજ્જો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે. આ આદેશની પ્રસિધ્ધી વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને કરવાની રહેશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી હુકમ બહાર પાડયો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૧૩.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. ચૂંટણી અંગેની જાહેરાતની તારીખથી રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગેની આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

ચૂંટણી પ્રચારના અભિયાનરૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ચુંટણી ઉમેદવારો તરફથી પોતપોતાના મત વિસ્તારમાં ચુંટણી પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે. આ હેતુ માટે તેઓ ધ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવતો હોય છે. ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટની સંમતિથી બીજા કોઈ વ્યક્તિ, કાર્યકર, ટેકેદાર ધ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. તેવા સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ પર દેખરેખ રાખવા અને ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તથા ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તે હેતુથી તેમજ તેની અસર સામાન્ય જનમાનસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય, જેના કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેવા સંભવ હોય ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુઃખ થાય અને ઘર્ષણ ઉભું થવાની સંભાવના રહે તેમજ સુલેહશાંતી ભંગ થવા સંભવ હોય ચૂંટણીના સરળ સંચાલનના હેતુથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ નીચે મુજબનો હુકમ કરવો ઈષ્ટ જણાય છે.

જેથી હું, **ડો. ઓમ પ્રકાશ(આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રુએ આથી ફરમાવું છું કે, કોઈપણ રાજકીય પક્ષ, વ્યક્તિ, સંસ્થા, ચૂંટણીના ઉમેદવાર અથવા તો તેઓની સહમતીથી કોઈપણ વ્યક્તિ ધ્વારા કોઈપણ ઉમેદવારના કે પક્ષના કામે ચુંટણીના કામે વાહનોનો સબંધિત મતદાર વિભાગમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી પાસે રજીસ્ટર કરાવવાના રહેશે અને રજીસ્ટર કરાવેલ વાહનની પરમીટ તેઓની પાસેથી મેળવી તે વાહનોની વિન્ડ સ્ક્રીન ઉપર અથવા નાના વાહનમાં પણ સહેલાઈથી દેખાઈ આવે તે રીતે ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન સંબંધીત મતદાર વિભાગના ક્યા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે તથા વપરાશમાં લેવાયેલ વાહનનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉમેરવાનો રહેશે. ચૂંટણી અધિકારી પાસે પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ ચુંટણી પ્રચાર માટે કે ચૂંટણીના કામે કરી શકાશે નહીં.

આ નિયંત્રણો યાંત્રિક શકિતથી કે અન્ય કોઈ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આ વાહનોમાં મીની બસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, ઓટોરીક્ષા, સ્કુટર વિગેરેનો સમાવેશ થાય છે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે. આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજજો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે. આ જાહેરનામું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી તા. ૨૮-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે તેમજ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધી કરવાની રહેશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૧૪.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. ચૂંટણી અંગેની જાહેરાતની તારીખથી રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગેની આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

ચૂંટણી માટેના ઉમેદવારી પત્રો રજુ કરવા સમયે રાજકીય પક્ષોના ઉમેદવારો તેમજ અપક્ષ ઉમેદવારો મોટી સંખ્યામાં કાર્યકરો, ટેકેદારો અને સમર્થકો સાથે ઢોલ નગારા અને વાહનોની મોટી સંખ્યા લઈ ચૂંટણી અધિકારી / મદદનીશ ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર રજુ કરવા આવે છે. જેના કારણે ચૂંટણી અધિકારી / મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં અવ્યવસ્થા અને ઓવર ક્રાઉડીંગની પરિસ્થિતિ ઉભી થાય છે. કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતી સુનિશ્ચિત કરવા નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાતું હોય, જેથી હું, **ડો. ઓમ પ્રકાશ(આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રુએ આથી ફરમાવું છું કે,

૧. ઉમેદવારી પત્રો રજુ કરવા ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર અને અન્ય ચાર મળી પાંચ વ્યક્તિઓ જ પ્રવેશી શકશે. માન્યતા પ્રાપ્ત સિવાયના પક્ષ તેમજ અપક્ષ ઉમેદવારોના દરખાસ્ત કરનારાની સંખ્યા દસ હોય તેઓના કિસ્સામાં પણ પ્રથમ તબકકે ઉમેદવાર અને અન્ય ચાર તેમજ જરૂર જણાય તો પ્રથમ ઉમેદવાર સાથે ગયેલા ચાર દરખાસ્ત કરનારા ચૂંટણી અધિકારીની કચેરીમાંથી બહાર નીકળી જાય ત્યારબાદ બાકીના ચાર અને ત્યારબાદ અન્ય બે દરખાસ્ત કરનારાઓ ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશી શકશે. એટલે કે કોઈપણ સુચિત ઉમેદવાર તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓ કે સમર્થકો સાથે ચાર થી વધુ સંખ્યામાં ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરી શકશે નહી.

૨. ઉમેદવારી પત્ર રજુ કરવા આવતા સમયે ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં વધુમાં વધુ ત્રણ વાહનો સાથે પ્રવેશી શકાશે. ત્રણથી વધુ વાહનો સાથે કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશવું નહી.

૩. ઉપર મુજબની સુચનાઓનો અમલ ઉમેદવાર જ્યારે તેઓનું ઉમેદવારીપત્ર લેવા આવે ત્યારે પણ કરવાનો રહેશે તથા ઉપર્યુકત કામે ઉપયોગમાં લેવાયેલ વાહનોનો ખર્ચ ઉમેદવારના ખર્ચમાં ઉધારવાનો રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે. આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજજો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે. આ જાહેરનામું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી તા. ૧૫-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે તેમજ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધી કરવાની રહેશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૧૫.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. ચૂંટણી અંગેની જાહેરાતની તારીખથી રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગેની આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના અનુસંધાને રાજકીય પક્ષો, ઉમેદવારો, તેમજ ઉમેદવારોના ચૂંટણી એજન્ટો વિગેરે દ્વારા ચૂંટણી પ્રચારમાં વેગ આવશે. ભુતકાળની ચૂંટણીઓમાં કેટલાક વાંધાજનક એસ.એમ.એસ. (ટુંકા સંદેશ સેવા) નો દુરુપયોગ કેટલાક લોકો દ્વારા કરવામાં આવેલ તેવું અનુભવ પરથી જણાયેલ છે અને તેવી જ પરિસ્થિતિ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સ્થાપિત હિતો ધરાવતા ઈસમો ધ્વારા કરવામાં આવે તેવી શક્યતા રહેલ છે. જેને પરીણામે ચૂંટણીના કાયદાની જોગવાઈઓ, આદર્શ આચાર સંહિતા તથા ભારતના ચૂંટણી પંચ ધ્વારા બહાર પાડવામાં આવેલ આદેશો / સુચનાઓનો ભંગ થાય છે. આવા અનિચ્છનિય કૃત્યોથી મુકત, ન્યાયી અને શાંતીપુર્ણ ચૂંટણી પ્રક્રિયા દુષિત થાય છે. મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ ચૂંટણીને દુષિત કરતી પ્રવૃતિઓ તાત્કાલીક અટકાવવાની અત્યંત આવશ્યકતા છે. તે ઉપરાંત ચૂંટણી સંદર્ભમાં શાંત વાતાવરણ ડહોળાઈ જાય તેવા બદઈરાદાપુર્વક કોમ કે ધર્મ કે જ્ઞાતિના વચ્ચે જે સદભાવના છે. તેને અમુક હેતુ સિધ્ધ કરવા પણ કેટલાક ઈસમો ઉશ્કેરણીજનક એસ.એમ.એસ. મોકલી શાંત વાતાવરણ ડહોળવા પ્રયાસ કરે તેવી શક્યતા નકારી શકાતી નથી. કેટલીક વખત ઈરાદાપુર્વક ઉશ્કેરણીજનક અફવાઓ આવા એસ.એમ.એસ. ધ્વારા ફેલાવવામાં આવે છે. તેના પરીણામ સ્વરૂપે જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય છે. અને ચૂંટણી પ્રક્રિયા ઉપરાંત રોજીંદા જીવન-વ્યવહાર ઉપર પણ તેની વ્યાપક ખોટી અસરો ફેલાય છે. પરીણામે સામુહિક માનસિક તંગદીલી પણ પેદા થતી હોય છે. અનુભવના આધારે અને વ્યાપક મળતી માહિતિઓના આધારે એમ પ્રસ્થાપિત થયેલ છે કે કોમી તંગદીલી ફેલાશે કે કાયદો અને વ્યવસ્થા જોખમાવે કે ચૂંટણી પ્રક્રિયાને ખોરંભે પાડે તેવા વજુદ વગરના ખોટા સમાચારો મોબાઈલ ફોનના ગ્રુપ તેમજ વ્યક્તિગત એસ.એમ.એસ. ધ્વારા પસાર થાય છે. અને આવા ખોટા સંદેશા વ્યવહારના લોકોમાં આપ-લે થાય છે. જેના પરીણામ સ્વરૂપે કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિ જોખમાય છે. અને અશાંતિનું વાતાવરણ તુર્તજ નિર્માણ પામે છે. આવા એસ.એમ.એસ. ધ્વારા ખોટી માહિતિ કે અફવાઓ ફેલાય તો જાહેર સુલેહ શાંતિ તથા જાહેર જનતાને ત્રાસ અથવા અડચણ અથવા ઈજા થવાની અને મુકત, ન્યાયી તથા તટસ્થ રીતે ચૂંટણી યોજવાની પ્રક્રિયાને બાધારૂપ બનવાની સંપુર્ણ શક્યતા હોય અને તેમ થાય તો તેમાંથી તંગદીલી, હુલ્લડ, કોમી તંગદીલી તથા પક્ષાપક્ષની તંગદીલી ફેલાય જેના પરીણામે જાહેર હિત જોખમાય તેમ જણાય છે. જેથી આવી શક્યતાઓનું તાત્કાલીક અસરકારક નિવારણ કરવું અતિ આવશ્યક અને અનિવાર્ય બનેલ છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂએ હું, **ડો. ઓમ પ્રકાશ(આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ** નીચે જણાવ્યા મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

મોબાઈલ સર્વિસ આપતી કંપનીઓ જેવી કે, વોડાફોન-આઈડીયા(વી.આઈ.), બી.એસ.એન.એલ. (સેલ વન), રીલાયન્સ (જીયો), એરટેલ વિગેરે જેવી તમામ ટેલીકોમ કંપનીઓ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં કાયદાનો ભંગ થાય તેવા તેમજ ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનો ભંગ થાય તેવા તથા મુક્ત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયાને દુષિત કરે તેવા ગ્રુપ/બલ્ક એસ.એમ.એસ. પ્રસારીત કરવા પર તથા રાજકીય પ્રકાર તથા સ્વરૂપના ગ્રુપ/બલ્ક એસ.એમ.એસ. મતદાન પુર્ણ થવાના ૪૮ કલાક પહેલા એટલે કે, તા. ૨૪-૦૪-૨૦૨૬ થી તા. ૨૬-૦૪-૨૦૨૬ સુધી સંપુર્ણ પણે તેના પ્રસારણ કરવા પર.

શિક્ષા :

આ બાબતે કોઈ કંપનીના સંચાલક, કર્મચારી, એજન્ટ કોઈ રાજકીય પક્ષ કે કોઈપણ ઈસમ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહી. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે. આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજજો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે. આ જાહેરનામું રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધી કરવાની રહેશે.

આજ તા. ૦૪થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૧૬.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. ચૂંટણી અંગેની જાહેરાતની તારીખથી રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગેની આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

પ્રવર્તમાન ચૂંટણી દરમિયાન પ્રચાર તથા જાહેરાતો રાજકીય પક્ષો, ઉમેદવારો તેમજ ટેકેદારો તરફથી પ્રિન્ટ મીડીયા, ઈલેકટ્રોનીક મીડીયાના માધ્યમથી પ્રસાર સ્થાનિક કંટ્રોલ રૂમથી તથા ટીવી ચેનલના રાજ્ય, આંતર રાજ્ય કે આંતર રાષ્ટ્રીય તેમજ AM અને FM રેડીયો નેટવર્ક, સિનેમાગૃહો વગેરેના માધ્યમથી ચૂંટણી પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. ચૂંટણી પ્રચાર-પ્રસારના સમયગાળા દરમિયાન હરીફ ઉમેદવારો, રાજકીય પક્ષો, સામાન્ય નાગરીકો તરફથી આચાર સંહિતાનો ભંગ થયાની ફરીયાદો મળતી રહે છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તેમજ ચૂંટણી આયોગે જાહેર કરેલ આદર્શ આચાર સંહિતાની અમલવારી સુનિશ્ચિત કરી શકાય અને આવી ફરીયાદોમાં તથ્ય છે કે કેમ ? તે ચકાસી શકાય તથા આદર્શ આચાર સંહિતાનું લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કોઈ કલમોનો કે અત્રેથી બહાર પાડવામાં આવેલ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ હેઠળના જાહેરનામાનો ભંગ થયેલ છે કે કેમ ? તે ચકાસી જો ભંગ થયાનું જણાય તો તાકીદના ધોરણે સબંધિતો સામે યોગ્ય પગલા લઈ શકાય તે માટે નીચે જણાવેલ વિગતે આદેશ કરવો જરૂરી જણાય છે.

સબબ, હું, **ડો. ઓમ પ્રકાશ(આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સ્થાનિક કેબલ ટીવી નેટવર્ક, ટીવી ચેનલ, સિનેમાગૃહો, AM તથા FM રેડીયો, દુરદર્શન કેન્દ્ર, આકાશવાણી કેન્દ્ર, વિવિધ ભારતી પ્રસારણ વગેરે જેવા ઈલેકટ્રોનીક મીડીયા તથા પ્રિન્ટ મીડીયાના માધ્યમથી પ્રચાર-પ્રસાર થતી જાહેરાતોની વિગતો આ જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુરી થતાં સુધીના સમયગાળા દરમિયાન પ્રત્યેક દિવસે સવારના ૦૬-૦૦ કલાકથી બીજા દિવસના સવારના ૦૬-૦૦ કલાક સુધીમાં કરવામાં આવેલ પ્રસારણ બાબતેની વિગતો બીજા દિવસે સવારના ૧૦-૩૦ કલાક સુધીમાં પ્રચાર અને મીડીયા મેનેજમેન્ટના નોડલ અધિકારીશ્રી અને સહાયક માહિતિ નિયામકશ્રી, જયુબીલી બાગ, રાજકોટની કચેરી ખાતે રૂબરૂ પહોંચાડવી અને તે પહોંચાડયા બદલ પહોંચ મેળવી રેકોર્ડમાં જાળવવી. જરૂરિયાતના પ્રસંગે ૨૪ કલાક પુરા થતાં પહેલા પણ કરવામાં આવેલ પ્રસારણની વિગતો માંગવામાં આવે તો રજુ કરવી તેમજ આદર્શ આચાર સંહિતાની અમલવારી અર્થે નિયુક્ત નોડલ અધિકારીશ્રી તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીએ પણ જરૂરિયાતના કિસ્સામાં તાકીદે કાર્યવાહી કરવી.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે. આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજજો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે. આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે અને રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધી કરવાની રહેશે.

આજ તા. ૧૧થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૧૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./જા.નામુ/૨૦૨૬/૧૭.- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી આયોગ તરફથી આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. ચૂંટણી અંગેની જાહેરાતની તારીખથી રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગેની આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

પ્રવર્તમાન ચૂંટણી દરમિયાન પ્રચાર તથા જાહેરાતો રાજકીય પક્ષો, ઉમેદવારો તેમજ ઉમેદવારોના ટેકેદારો તરફથી ઈલેકટ્રોનીક મીડીયાના માધ્યમથી પ્રસારણ સ્થાનિક કંટ્રોલ રૂમથી તથા ટીવી ચેનલના રાજ્ય, આંતર રાજ્ય કે આંતર રાષ્ટ્રીય તેમજ AM અને FM રેડીયો નેટવર્કથી કરવામાં આવે છે. હાલમાં આ નેટવર્કના નિમણુંક માટે કેબલ ટેલીવિઝન (વિનિયમન) અધિનિયમ-૧૯૯૫ તથા કેબલ ટેલીવિઝન નેટવર્ક (વિનિયમો) નિયમો-૧૯૯૪ અમલમાં છે. જાહેરાતો નિયત કરેલ આચાર સંહિતાને અનુરૂપ હોય તે સિવાય કોઈપણ વ્યક્તિ કોઈ જાહેરાત પ્રસારીત કે પુનઃપ્રસારીત કરી શકે નહીં. તેમજ જાહેરાતો કોઈ ધાર્મિક કે રાજકીય હેતુ પ્રત્યે દિશા-નિર્દેશ કરતી હોવી જોઈએ નહીં. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નિષ્પક્ષ, તટસ્થ, શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જરૂરી છે.

અત્રેની સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી શાખાના તા. ૧૦-૦૪-૨૦૨૬ના હુકમ ક્રમાંક નં. સ્થા.સ્વ.ચૂં./કેબલ નેટવર્ક-ચેનલ સમિતિ/નિમણુંક/૨૦૨૬થી આચારસંહિતાના અમલીકરણ માટે કેબલ નેટવર્ક/સ્થાનિક ચેનલો મારફતે ચૂંટણી પ્રસાર માટે પરવાનગી આપવા કમિટીની રચના કરવામાં આવેલ છે. સદરહુ સમિતિમાં સહાયક માહિતી નિયામકશ્રી, રાજકોટની સભ્યશ્રી તરીકે નિમણુક કરવામાં આવેલ છે.

સબબ, ઉપરોકત સુચનાઓની ચુસ્તપણે અમલવારી સુનિશ્ચિત કરવા અને ચૂંટણીના સરળ સંચાલન માટે નીચે મુજબ હુકમ કરવો ઈષ્ટ જણાય છે. જેથી હું, **ડો. ઓમ પ્રકાશ(આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

૧. ટેલીવિઝન ચેનલ અને કેબલ નેટવર્ક પર જાહેરાત આપવા વિચારતા દરેક નોંધાયેલ રાજકીય પક્ષ અને ચૂંટણી લડતા ઉમેદવારે આવી જાહેરાત ટેલીકાસ્ટના સુચિત આરંભની તારીખથી મોડામાં મોડા ત્રણ દિવસ અગાઉ સભ્યશ્રી અને સહાયક માહિતી નિયામકશ્રી, રાજકોટને અરજી કરવાની રહેશે.

૨. બીજી કોઈ વ્યક્તિ અથવા બિન નોંધાયેલ રાજકીય પક્ષો, સંસ્થા વગેરેએ આવી જાહેરાત ટેલીકાસ્ટના સુચિત આરંભની તારીખથી મોડામાં મોડા સાત દિવસ અગાઉ અરજી કરવાની રહેશે.

૩. ઈલેકટ્રોનીક ફોર્મમાં સુચિત જાહેરાતની બે નકલ તેમજ તેની યોગ્ય રીતે પ્રમાણીત કરેલ બે નકલ અરજી સાથે જોડવાની રહેશે.

૪. આવી જાહેરાત, જીંગલ્સ, ઈન્સર્શન્સ, બાઈટસ વગેરેની પરવાનગી મેળવવા માટેની અરજી સભ્યશ્રી અને સહાયક માહિતિ નિયામકશ્રી, જયુબેલી બાગ, રાજકોટને કરવાની રહેશે. આ અરજીમાં નીચે જણાવેલ બાબતોનો સમાવેશ કરવાનો થશે.

(એ) જાહેરાત નિર્માણનું ખર્ચ

(બી) ઈન્સર્શનની સંખ્યાના વિભાગજ અને આવા દરેક ઈન્સર્શન માટે વસુલ કરવામાં આવનાર સુચિત દર સાથે ટેલીવિઝન ચેનલ અથવા કેબલ નેટવર્ક પર આવી જાહેરાતના સુચિત પ્રસારણનું અંદાજીત ખર્ચ

(સી) મુકેલ જાહેરાત ઉમેદવાર કે ઉમેદવારો પક્ષોની ચૂંટણીની ભાવિ શક્યતાના લાભ માટે છે કે કેમ ? તે બાબત પણ જણાવવાની રહેશે.

(ડી) જાહેરાત રાજકીય પક્ષ અથવા ઉમેદવાર સિવાયની કોઈ વ્યક્તિએ આપી હોય તો તે વ્યક્તિ સોગંદ પર જાહેર કરશે કે, તે કોઈ રાજકીય પક્ષ કે ઉમેદવારના લાભ માટે નથી. અને ઉક્ત જાહેરાત કોઈ રાજકીય પક્ષ અથવા ઉમેદવારે પુરસ્કૃત કરી નથી કે સોંપણી કરી નથી કે તેની ચુકવણી કરી નથી.

(ઈ) બધી ચુકવણી એકાઉન્ટ પેઈ ચેકથી કરવામાં આવશે એવી કબુલાત.

૫. ટેલીકાસ્ટ માટે જાહેરાત, જીંગલ્સ, ઈન્સર્શન્સ, બાઈટસની મંજુરી મેળવ્યા વિના જાહેરાત, જીંગલ્સ, ઈન્સર્શન્સ, બાઈટસનું પ્રસારણ થઈ શકશે નહીં.

૬. ચૂંટણી કામગીરી માટે નાયબ મામલતદાર-હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરના અધિકારીશ્રીએ જાહેરાતોના પ્રસારણ પર દેખરેખ રાખવાની રહેશે અને આચારસંહીતાનું ઉલ્લંઘન થતુ જણાય તેવા સમયે સંબંધીત ચૂંટણી અધિકારીશ્રીને અહેવાલ રજુ કરવાનો રહેશે. આવો અહેવાલ મળ્યેથી ચૂંટણી કામગીરી માટે નિયુકત સંબંધીત અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને કેબલ ટેલીવિઝન વિનિયમન અધિનિયમ-૧૯૯૫ હેઠળના નિયમો તથા રાજ્ય ચૂંટણી આયોગની વખતોવખતની સુચનાઓ ધ્યાને લઈ તપાસણી અને સીઝર સહિતની કામગીરી કરવાની સતા આપવામાં આવે છે.

૭. ચૂંટણી લડતા ઉમેદવારો/રાજકીય પક્ષો દ્વારા કેબલ નેટવર્ક/સ્થાનિક રીતે ચાલતી ચેનલો મારફતેના આવા ચૂંટણી પ્રચાર અંગેની અરજીઓ મળ્યા બાદ સમિતીમાં રજુ કરી મંજુરી મળ્યેથી તેની આખરી મંજુરી આપવા માટેના હુકમો તૈયાર કરી કલેકટરશ્રી-રાજકોટ સમક્ષ રજુ કરવા તથા મંજુરી આપવા બાબતેની તમામ પ્રકારની કાર્યવાહી સભ્યશ્રી અને સહાયક માહિતી નિયામકશ્રી, રાજકોટએ કરવાની રહેશે.

૮. આ બાબતે રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૧૮-૦૮-૨૦૧૧ના આદેશ નં. રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૧૨૧-૮૨૦૧૧-ક અનુસાર પરવાનગી આપવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કેબલ ટેલીવિઝન વિનિયમન અધિનિયમ-૧૯૯૫ની જોગવાઈ મુજબ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે. આ જાહેરનામા ભંગની ફરીયાદ સંબંધીત પોલીસ સ્ટેશનના ફરજ પરના એ.એસ.આઈ. કે તેથી ઉપરનો દરજજો ધરાવનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરીયાદ દાખલ કરવાની રહેશે. આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામું રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધી કરવાની રહેશે.

આજ તા. ૧૧થી, માહેઃ એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૧૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

વંચાણે :

૧. સરકારીશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૧૮-૧૦-૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૬/સીઆરપીસી/૩૨૧૨/૫૯૩/મ.

૨. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૦૧-૦૪-૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક નં. ઈએલસી/સીઓસી/૩(૮)-૦૪૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯.

૩. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૨૪-૦૨-૨૦૨૬ના હુકમ ક્રમાંક નં. આચઆ-ચટણ-મનપ-ચઅન-૯(૩)-૦૨૨૦૨૬-ક/૪૨૦૪ થી ૪૨૪૯.

૪. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૧૨-૦૩-૨૦૨૬ના હુકમ ક્રમાંક નં. રાચઆ-ચટણ-નપલ-ચઅન-આર.ઓ.-૮(૧૧)-૦૩૨૦૨૬-ક-૬૪૯૨ થી ૬૫૪૩.

૫. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૨૦-૦૩-૨૦૨૬ના હુકમ ક્રમાંક નં. રાચઆ-ચટણ-મનપ-ચઅન-આર.ઓ.-૯(૩)-૦૩૨૦૨૬-ક-૮૨૬૦ થી ૮૨૯૫.

૬. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૧૭-૦૩-૨૦૨૬ના હુકમ ક્રમાંક નં. રાચઆ-ચટણ-જિ.પં.-તા.પં.-રાજકોટ-આર.ઓ.-એ.આર.ઓ./૨૦૨૬.

૭. કલેકટરશ્રી, રાજકોટના તા. ૦૨-૦૪-૨૦૨૬ના દરખાસ્ત પત્ર ક્રમાંક નં. સ્થા.સ્વ.-ચટણ-આર.ઓ.-એ.આર.ઓ.-જિ.પં.તા.પં.-૨૦૨૬.

હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./સ્પે.એકઝી.મેજી.પાવર્સ/૨૬.- રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના વંચાણ-૨માં જણાવેલ પરિપત્ર અનુસાર રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ ની જાહેરાત કરવામાં આવેલ છે. જે મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ના રોજ કરવાનું ઠરાવવામાં આવેલ છે. સદરહુ તારીખથી રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

વંચાણ-૧ તળેના તા. ૧૮-૧૦-૨૦૧૨ ના જાહેરનામા મુજબ રાજ્યમાં જ્યારે-જ્યારે ભારતનાં ચૂંટણી પંચ ધ્વારા લોકસભા કે રાજ્ય વિધાનસભાની બેઠકોની ચૂંટણી જાહેર થાય તથા રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ જાહેર થાય ત્યારે તે અંગે બહાર પાડવામાં આવતા જાહેરનામાઓની તારીખથી મેજીસ્ટ્રીયલ પાવર ધરાવતા ન હોય તેવા ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ ઓફીસરશ્રી, વિવિધ કામગીરી માટે નિયુક્ત કરવામાં આવેલ નોડલ ઓફીસરશ્રીઓ, ફલાઈંગ સ્કવોડ તથા સ્ટેટીક સર્વેલન્સ ટીમમાં નિયુકત થયેલ તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને ચૂંટણી કામગીરી માટે નિયુકત કરવા જરૂરી જણાય તે રીતે નિયુકત કરવામાં આવે તેવા તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા તેમના વિસ્તાર અને નિશ્ચિત સમય માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૫ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે તથા આ અધિનિયમની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ અને ૧૬૩ ના અધિકારો ચૂંટણીની જાહેરાતની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધીના સમયગાળા દરમ્યાન અધિકારો આપવા જોગવાઈ થયેલ છે.

વંચાણ-૩ થી ૬માં દર્શાવ્યા મુજબના હુકમોથી સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચુંટણી માટે ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓની નિમણુક કરવામાં આવેલ છે. સદરહુ ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચુંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તો ત્વરીત પગલા લઈ શકે તે માટે ચૂંટણી ફરજ પર નિયુકત થયેલ ચૂંટણી અધિકારીશ્રી અને મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી પૈકી અન્ય ખાતા/કચેરીના કર્મચારીઓ/અધિકારીઓ કે જેઓ મેજીસ્ટેરીયલ પાવર ધરાવતા ન હોય તેઓને ઉપર વંચાણ-૧માં દર્શાવેલ સરકારશ્રીના જાહેરનામાથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૫ હેઠળ મળેલ અધિકારની રૂએ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ અને ૧૬૩ના અધિકારો આ હુકમ સાથે સામેલ પરીશિષ્ટ-૧ થી ૪માં જણાવેલ ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ અધિકારીશ્રીઓને આ હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધીના સમયગાળા અને નિશ્ચિત કાર્યક્ષેત્ર માટે સ્પેશ્યલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકેના પાવર્સ એનાયત કરવામાં આવે છે.

૧. કલમ-૪૧ ARREST BY MAGISTRATE,

૨. કલમ-૧૦૮ TO DIRECT SEARCH IN HIS PRESENCE,

૩. કલમ-૧૦૯ POWER TO IMPOUND ANY DOCUMENTS DOCUMENTS AND THINGS,

૪. કલમ-૧૪૮ DISPERSAL OF ASSEMBLY BY USE OF CIVIL FORCE

૫. કલમ-૧૬૩ TO ISSUE TEMPORARY ORDER IN URGENT CASES OF NUISANCE OR APPREHENDED DANGER

સબંધિત અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓએ ઉકત કલમોનો અભ્યાસ કરી લેવાનો રહેશે.

અત્રેની કચેરીના હુકમ નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./સ્પે.એકઝી.મેજી.પાવર્સ/૨૬ તા.૦૬-૦૪-૨૬ સાથેનું

પરિશિષ્ટ-૧(રાજકોટ મહાનગરપાલિકા)

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬

ક્રમ નં.	મહાનગરપાલિકાનું નામ	વોર્ડ નંબર	ચૂંટણી અધિકારીશ્રીનો હોદો	મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીનો હોદો
૧	રાજકોટ	૧,૨,૩	નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી, રાજકોટ(ગ્રામ્ય), રાજકોટ	-----
		૪,૫,૬	નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (વિકાસ), રાજકોટ	-----
		૭,૮,૯	જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, રાજકોટ	સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી-૨, રાજકોટ
		૧૦,૧૧,૧૨	નાયબ નિયામકશ્રી, (જમીન દફતર) રાજકોટ	સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી-૩, રાજકોટ
		૧૩,૧૪,૧૫	-----	સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી-૧, રાજકોટ
		૧૬,૧૭,૧૮	નાયબ કલેકટરશ્રી, રાજકોટ શહેરી વિકાસ સતામંડળ, રાજકોટ	-----

અત્રેની કચેરીના હુકમ નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./સ્પે.એકઝી.મેજી.પાવર્સ/૨૬ તા.૦૬-૦૪-૨૬ સાથેનું

પરિશિષ્ટ-૨(જિલ્લા પંચાયતની બેઠકો માટે)

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬

ક્રમ નં.	જિલ્લાનું નામ	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળનું નામ અને નંબર		ચૂંટણી અધિકારીશ્રીનો હોદો	મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીનો હોદો
૧	રાજકોટ	રાજકોટ	૩	બેડી	-----	તાલુકા વિકાસ અધિકારીશ્રી, રાજકોટ
			૧૪	કસ્તુરબાધામ		
			૨૯	સરધાર		
			૧૫	કોલીથડ	નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેસુલ), જિલ્લા પંચાયત, રાજકોટ	-----
			૨૧	મોવીયા		
			૩૦	શીવરાજગઢ		
			૮	ચરખડી		તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગોંડલ
			૧૦	દેરડી		
			૩૩	થાણાગાલોલ	નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી (શહેર), રાજકોટ	-----
			૩૬	વિરપુર		
			૭	બોરડી		તાલુકા વિકાસ અધિકારીશ્રી, જેતપુર
			૨૫	પેઢલા		

ક્રમ નં.	જિલ્લાનું નામ	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળનું નામ અને નંબર		ચૂંટણી અધિકારીશ્રીનો હોદો	મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીનો હોદો
			૨૦	મોટીમારડ	-----	તાલુકા વિકાસ અધિકારીશ્રી, ધોરાજી
			૯	દડવી		તાલુકા વિકાસ અધિકારીશ્રી, જામકંડોરણા
			૧૬	કોલકી	દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી, રાજકોટ	-----
			૨૩	મોટી પાનેલી		
			૧૧	ડુમીયાણી		તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઉપલેટા
			૫	ભાડલા	-----	તાલુકા વિકાસ અધિકારીશ્રી, જસદણ
			૧૩	કમળાપુર		
			૨૬	પીપરડી	જિલ્લા આયોજન અધિકારીશ્રી, રાજકોટ	-----
			૩૫	વિંછીયા		
			૬	ભડલી		તાલુકા વિકાસ અધિકારીશ્રી, વિંછીયા
			૨૪	પારડી	-----	તાલુકા વિકાસ અધિકારીશ્રી, લોધિકા
			૧૭	કોટડાસાંગાણી		તાલુકા વિકાસ અધિકારીશ્રી, કોટડાસાંગાણી
			૨૮	સરપદડ		તાલુકા વિકાસ અધિકારીશ્રી, પડધરી

અત્રેની કચેરીના હુકમ નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./સ્પે.એકઝી.મેજી.પાવર્સ/૨૬ તા.૦૬-૦૪-૨૬ સાથેનું

પરિશિષ્ટ-૩(તાલુકા પંચાયતની બેઠકો માટે)

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬

ક્રમ નં.	જિલ્લાનું નામ	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળનું નામ અને નંબર		ચૂંટણી અધિકારીશ્રીનો હોદો	મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીનો હોદો
૧	રાજકોટ	પડધરી	૨	ઈશ્વરીયા	તાલુકા વિકાસ અધિકારીશ્રી, પડધરી	મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી, પડધરી
			૫	મોટા ખીજડીયા		
			૬	મોટા રામપર		
			૮	ન્યારા		
			૧૧	સાલ પીપળીયા		
			૧૨	સરપદળ		
			૧૩	તરઘડી		
			૧૬	વિસામણ		
૨	રાજકોટ	જેતપુર	૧	અમરનગર	તાલુકા વિકાસ અધિકારીશ્રી, જેતપુર	મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી, જેતપુર
			૫	ચારણીયા		
			૬	દેવકી ગાલોલ		
			૧૦	ખીરસરા		
			૧૫	પીઠડીયા		
			૧૬	થાણા ગાલોલ		
			૧૭	ઉમરાળી		
			૧૮	વાડાસડા		
			૧૯	વિરપુર-૧		
			૨૦	વિરપુર-૨		

ક્રમ નં.	જિલ્લાનું નામ	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળનું નામ અને નંબર		ચૂંટણી અધિકારીશ્રીનો હોદો	મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીનો હોદો
૩	રાજકોટ	લોધિકા	૧	ચાંદલી	------	નાયબ મામલતદાર (પૂરવઠા), મામલતદાર કચેરી, લોધિકા
			૨	ચીભડા		
			૩	દેવગામ		
			૬	ખીરસરા		
			૭	લોધિકા-૧		
			૮	લોધિકા-૨		
			૧૧	મોટાવડા		
			૧૨	નગરપીપળીયા		
૪	રાજકોટ	લોધિકા	૪	ઢોલરા	તાલુકા વિકાસ અધિકારીશ્રી,	મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી,
			૫	હીરપર પાળ		
			૯	માખાવળ		
			૧૦	મેટોડા		
			૧૩	પાળ		
			૧૪	પારડી		
			૧૫	પારડી-૨		
			૧૬	વાજડી વડ		
૫	રાજકોટ	કોટડાસાંગાણી	૩	ભાડવા	તાલુકા વિકાસ અધિકારીશ્રી, કોટડાસાંગાણી	મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી, કોટડાસાંગાણી
			૪	કોટડાસાંગાણી-૧		
			૫	કોટડાસાંગાણી-૨		
			૬	મોટામાંડવા		
			૮	રાજપરા		
			૯	રામોદ		
			૧૦	સતાપર		
			૧૨	વાદીપરા		
૬	રાજકોટ	ગોંડલ	૨	ચરખડી	તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગોંડલ	મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગોંડલ
			૫	દેરડી		
			૮	ગોમટા		
			૧૧	કેશવાળા		
			૧૩	મોટી ખીલોરી		
			૧૬	નવાગામ		
			૨૦	સુલતાનપુર		
			૨૧	ત્રાકુડા		
			૨૨	વાંસાવાડ		

ક્રમ નં.	જિલ્લાનું નામ	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળનું નામ અને નંબર		ચૂંટણી અધિકારીશ્રીનો હોદો	મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીનો હોદો
૭	રાજકોટ	જસદણ	૫	ભાડલા	તાલુકા વિકાસ અધિકારીશ્રી, જસદણ	મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી, જસદણ
			૧૫	કનેસરા		
			૮	દહીસરા		
			૬	ભંડારીયા		
			૭	બોઘરાવદર		
			૧૪	કમળાપુર		
			૧૭	કોઠી		
			૧૮	લીલાપુર		
			૧૨	કડુકા		
૮	રાજકોટ	વિંછીયા	૨	બંધાળી	તાલુકા વિકાસ અધિકારીશ્રી, વિંછીયા	મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી, વિંછીયા
			૩	ભડલી		
			૫	દેવધરી		
			૬	ફુલઝર		
			૧૧	મોઢુકા		
			૧૫	સનાળી		
૯	રાજકોટ	ઉપલેટા	૪	ડુમીયાણી	તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઉપલેટા	મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઉપલેટા
			૫	ગણોદ		
			૭	ખારચીયા		
			૧૦	મજેઠી મેલી		
			૧૩	પાનેલી મોટી-૧		
			૧૪	પાનેલી મોટી-૨		
			૧૫	સમઢીયાળા		
			૧૬	તલગણા		
			૧૮	વરજાંગજાળીયા		
૧૦	રાજકોટ	ધોરાજી	૧	ભાદાજાળીયા	તાલુકા વિકાસ અધિકારીશ્રી, ધોરાજી	મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી, ધોરાજી
			૨	ભાડેર		
			૪	જમનાવળ		
			૫	કલાણા		
			૬	મોટીમારડ-૧		
			૭	મોટીમારડ-૨		
			૧૦	પાટણવાવ		
			૧૪	વાડોદર		

ક્રમ નં.	જિલ્લાનું નામ	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળનું નામ અને નંબર		ચૂંટણી અધિકારીશ્રીનો હોદો	મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીનો હોદો
૧૧	રાજકોટ	જામકંડોરણા	૧	બરડીયા	તાલુકા વિકાસ અધિકારીશ્રી, જામકંડોરણા	મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી, જામકંડોરણા
			૪	ચાવંડી		
			૫	ચિત્રાવડ		
			૬	દડવી		
			૧૧	ખજુરડા		
			૧૨	રાજપરા		
			૧૫	સાતોદડ		
			૧૬	સોડવદર		
૧૨	રાજકોટ	રાજકોટ તાલુકા	૧	આણંદપર-૧	તાલુકા વિકાસ અધિકારીશ્રી, રાજકોટ	મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી, રાજકોટ
			૨	આણંદપર-૨		
			૧૪	ખેરડી		
			૧૮	માલીયાસણ		
			૫	બેડલા		
			૩	બામણબોર		
			૨૦	પારેવાડા		
			૧૬	કુવાડવા		
			૧૫	કોઠારીયા(ટં)		
			૨૧	સણોસરા		
			૧૦	જીયાણા		

અત્રેની કચેરીના હુકમ નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./સ્પે.એકઝી.મેજી.પાવર્સ/૨૬ તા.૦૬-૦૪-૨૬ સાથેનું

પરિશિષ્ટ-૪(નગરપાલિકા)

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬

ક્રમ નં.	જિલ્લાનું નામ	નગરપાલિકાનું નામ	વોર્ડ નંબર	ચૂંટણી અધિકારીશ્રીનો હોદો	મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીનો હોદો
૧	રાજકોટ	ગોંડલ	૧ થી ૬	------	સહાયક રાજ્ય વેરા કમિશનરશ્રી, ઘટ-૯૪, ગોંડલ
			૭ થી ૧૧	નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (પંચાયત), રાજકોટ	-----

ડો. ઓમ પ્રકાશ
જિલ્લા મેજીસ્ટ્રેટ
રાજકોટ જિલ્લા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નાં. જે/એમએજી/કાવ્ય/JEE/પરીક્ષા/જા.નામું/એપ્રિલ/૨૦૨૬.-ડિરેકટર જનરલશ્રી, રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી, નવી દિલ્હીના તા. ૨૭-૦૩-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : D.O. NO. J/DM/JEE(M)2026-NTA થી થઈ આવેલ સુચનાનુસાર રાજકોટ જિલ્લામાં તા. ૦૨-૦૪-૨૦૨૬ થી તા. ૦૮-૦૪-૨૦૨૬ દરમ્યાન સવારે ૦૯-૦૦ કલાકથી બપોરના ૧૨-૦૦ કલાક (પ્રથમ શીફટ) અને બપોરના ૩-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી (બીજી શીફટ) સુધી જોઈન્ટ એન્ટરસ એકઝામીનેશન-મેઈન-૨૦૨૬ની પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હોય આ પરીક્ષા શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તેમજ પરીક્ષાની કાર્યવાહીમાં કોઈપણ જાતની રૂકાવટ ન આવે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે દરખાસ્ત કરેલ છે. સદરહુ દરખાસ્ત મુજબ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ હેઠળ નીચે મુજબના પરીક્ષા કેન્દ્રની ૩૦૦ મી. ત્રિજયાના વિસ્તારમાં સાયબર કાફે, ફોટોકોપી કે ઝેરોક્ષ અને પ્રિન્ટીંગ શોપ્સ ચાલુ ન રહે તે માટે અને અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ થઈ શકે તેવા વિજાણુ ઉપકરણો લઈ જવા અને ઉપયોગ ન થાય તે માટે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ અધિકારની રૂએ હું, **એન. કે. મુછાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ** આથી જોઈન્ટ એન્ટરસ એકઝામીનેશન-મેઈન (JEE Main) ની પરીક્ષા માટે જાહેર કરવામાં આવેલ કેન્દ્રો પૈકી રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તારના નીચે મુજબના અનુસુચીમાં દર્શાવેલા પરીક્ષા કેન્દ્રો ઉપર જણાવેલ તારીખ અને સમય માટે પરીક્ષા કેન્દ્રની આસપાસ ૩૦૦ મીટર (ત્રણસો મીટર) ત્રિજ્યાના વિસ્તારમાં સદરહુ પરીક્ષામાં ગેરરીતી કરવાના ઈરાદાથી કે અનિયમિતતા ઉભી કરવા અને પરીક્ષા કાર્યમાં ખલેલ પાડવાના ઈરાદાથી ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહી તેમજ પરીક્ષા સ્થળે વિજાણુ ઉપકરણો જેવા કે મોબાઈલ ફોન, વિજાણું ઘડીયાળ અને તે પ્રકારના અન્ય સાધનો/યંત્રો લઈ જવા નહી તેમજ રાજકોટ ગ્રામ્ય જીલ્લા વિસ્તારના નીચે મુજબની અનુસુચીમાં દર્શાવવામાં આવેલ પરીક્ષા કેન્દ્રોની ૩૦૦ મીટર (ત્રણસો મીટર) ત્રિજયાના વિસ્તારમાં આવતા સાયબર કાફે, ફોટોકોપી કે ઝેરોક્ષ અને પ્રિન્ટીંગ શોપ્સ પરીક્ષાના દિવસે અને સમયે બંધ રાખવી તેમજ પરીક્ષા સેન્ટરમાં ઉપલબ્ધ ઝેરોક્ષ તથા લીથો મશીનો પણ બંધ રાખવા આથી હુકમ ફરમાવું છું.

અનુસુચી

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ અને સરનામું	તારીખ અને સમય
૧	iON Digital Zone iDZ 1 Methoda, Viral Avenue, Plot No. G-8, Near Kisan Gate No. 3, Kalawad Main Road, Rajkot.	(૧) ૦૨-૦૪-૨૦૨૬ સવારે ૦૮-૩૦ કલાક થી સાંજના ૦૬-૩૦ કલાક સુધી (૨) ૦૪-૦૪-૨૦૨૬ થી તા. ૦૬-૦૪-૨૦૨૬ સવારે ૦૮-૩૦ કલાક થી સાંજના ૦૬-૩૦ કલાક સુધી (૩) ૦૭-૦૪-૨૦૨૬ થી તા. ૦૮-૦૪-૨૦૨૬ સુધી બપોરના ૦૨-૩૦ કલાક થી સાંજના ૦૬-૩૦ કલાક સુધી
૨	iON Digital Zone iDZ 2 Metoda, Viral Shopping, Inside Gate No. 3, Behind New Kismat Hotel, Above BOB & PNB Bank, Metoda Ind. Est. Lodhika-Metoda, Rajkot.	
૩	iON Digital Zone iDZ 3 Metoda, Viral Shopping, Inside Gate No. 2, Beside Corporation Bank, Metoda Ind. Est. Lodhi-ka-Metoda, Rajkot.	

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓને તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ વ્યકિતઓને (પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન, વિજાણું ઘડીયાળ અને તે પ્રકારના અન્ય સાધનો/યંત્રો લઈ જઈ શકશે નહીં.)

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૫) કોઈ સ્મશાન યાત્રાને.

હુ એવો આદેશ કરૂ છું કે, આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં ઉકત નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનુ પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શીક્ષાપાત્ર થશે. રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૨, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો લગાડી બહાર પાડયો.

રાજકોટ, ૦૨ માહે અપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નાં. જે/એમએજી/પરીક્ષા/જા.નામુ/ફેબ્રુ-માર્ચ/૨૬-સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા એસ.એસ.સી. અને એચ.એસ.સી.ની સામાન્ય પ્રવાહની તથા વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓનું આયોજન તા. ૨૬-૦૨-૨૦૨૬ થી તા. ૧૮-૦૩-૨૦૨૬ સુધી યોજાનાર હોવાનું જાહેર કરવામાં આવેલ છે. આ પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તેમજ પરીક્ષાની કાર્યવાહીમાં કોઈપણ જાતની રૂકાવટ ન આવે અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ રાજકોટ ગ્રામ્ય જીલ્લા વિસ્તારમાં સમાવિષ્ટ પરીક્ષા કેન્દ્રના ૧૦૦ મી. ના આજુબાજ વિસ્તારમાં ઝેરોક્ષ અથવા લીથો કે અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ કરવા કોપીંગ વગેરે ગેરકાયદેસર કૃત્ય ન થાય અને ઉકત પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય અને પરીક્ષા કાર્યવાહીમાં કોઈપણ જાતની રૂકાવટ ન આવે તે માટે નીચે હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ અધિકારની રૂએ હું, **એન. કે. મુછાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ** આથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા આગામી એસ.એસ.સી. અને એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષા માટે જાહેર કરવામાં આવેલ કેન્દ્રો પૈકી રાજકોટ ગ્રામ્ય જીલ્લા વિસ્તારના (૧) એસ.એસ.સીનાં પરીક્ષા કેન્દ્રોમાં તા. ૨૬-૦૨-૨૦૨૬ થી તા. ૧૮-૦૩-૨૦૨૬ સુધી (૨) એચ.એસ.સી.નાં વિજ્ઞાન પ્રવાહના પરિક્ષા કેન્દ્રોમાં તા. ૨૬-૦૨-૨૦૨૬ થી તા. ૧૬-૦૩-૨૦૨૬ સુધી (૩) એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ અને ઉ.ઉ.બુ. પ્રવાહના પરિક્ષા કેન્દ્રોમાં તા. ૨૬-૦૨-૨૦૨૬ થી તા. ૧૮-૦૩-૨૦૨૬ સુધી (૪) એચ.એસ.સી. વ્યવસાયલક્ષી પ્રવાહના પરિક્ષા કેન્દ્રોમાં તા.૨૬-૦૨-૨૦૨૬ થી તા. ૧૮-૦૩-૨૦૨૬ સુધીની પરિક્ષાઓ દરમિયાન પરીક્ષા સ્થળની આસપાસના ૧૦૦ મીટર (એકસો મીટર) ત્રિજ્યાના વિસ્તારમાં પરીક્ષામાં ગેરરીતી કરવાના ઈરાદાથી કે અનિયમિતતા ઉભી કરવા અને પરીક્ષા કાર્યમાં ખલેલ પાડવાના ઈરાદાથી ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહી તેમજ પરીક્ષા સ્થળે મોબાઈલ ફોન, વિજાણું ઘડીયાળ અને તે પ્રકારના અન્ય સાધનો/યંત્રો લઈ જવા નહી તેમજ ૧૦૦ મીટર (એકસો મીટર) ત્રિજયાના વિસ્તારની આસપાસ ઝેરોક્ષ અથવા લીથો કે અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ કરવા કોપીંગ વગેરે ગેરકાયદેસર કૃત્ય કરવું નહી અને ઝેરોક્ષ તથા લીથોની કામગીરી કરતી દુકાનો પરીક્ષાના દિવસે બંધ રાખવી તેમજ સ્કુલમાં ઉપલબ્ધ ઝેરોક્ષ તથા લીથો મશીનો પણ બંધ રાખવા, લાઉડ સ્પીકરના ઉપયોગ તેમજ પરીક્ષા સ્થળમાં બિનઅધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ કરવા હુકમ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓને તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ વ્યકિતઓને (પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન, વિજાણું ઘડીયાળ અને તે પ્રકારના અન્ય સાધનો/યંત્રો લઈ જઈ શકશે નહીં.)

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૫) કોઈ સ્મશાન યાત્રાને.

હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમ રાજકોટ રૂરલ જીલ્લામાં ઉકત નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનુ પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શીક્ષાપાત્ર થશે. રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૬, માહે ફેબ્રુઆરી-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો લગાડી બહાર પાડયો.

રાજકોટ, ૧૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના અધિનિયમ-૨૨ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

નં. જે/એમએજી/ક. ૩૭ (૧)/જા. નામુ/ફેબ્રુ-૨૬/ફા.નં. ૩૨/૨૦૨૩.-આગામી માહે : ફેબ્રુઆરી-૨૦૨૬ ના માસ દરમ્યાન શબ-એ-બારાત, મહાશિવરાત્રી જેવા તહેવારોની ઉજવણી થનાર છે અને જુદી-જુદી ધાર્મિક શોભાયાત્રા નિકળનાર છે. તેમજ રાજકોટ ગ્રામ્ય જીલલામાં વિવિધ રાજકીય પક્ષો તેમજ સંગઠનો દ્વારા આંદોલનો, રેલીઓ/ધરણા જેવા કાર્યક્રમો કરતા હોય છે. જે ધ્યાને લેતાં આ સમય દરમ્યાન રાજકોટ ગ્રામ્ય, જિલ્લા વિસ્તારમાં કાયદો વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવો બનવા ન પામે તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, **એન. કે. મુછાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મળેલ સત્તાની રૂએ આ નીચે દર્શાવ્યા મુજબના વિસ્તારમાં તા. ૦૧-૦૨-૨૦૨૬ થી ૨૮-૦૨-૨૦૨૬ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

કૃત્યો :

(૧) હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, લાકડી કે લાઠી, શસ્ત્રો, સળગતી મશાલ, બીજા હથિયારો કે જેના વડે શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવાના અથવા નાખવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવની તથા તૈયાર કરવાની, તથા કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાની.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૫) લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(૬) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતિ જોખમાતી હોય અથવા જેને પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :

પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેર, રાજકોટની હકુમત સિવાયનો રાજકોટ ગ્રામ્ય જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમના ખંડ-૧ તથા ૨ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

(૨) વૃધ્ધો તથા અશક્તો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય.

(૩) સક્ષમ સત્તાધિકારીશ્રી તરફથી જેને પરવાનગી આપવામાં આવેલ હોય તેવી વ્યક્તિઓ.

શિક્ષા :

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૨૮, માહે જાન્યુઆરી-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો લગાડી હુકમ બહાર પાડ્યો.

રાજકોટ, ૨૮ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના અધિનિયમ-૨૨ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

નં. જે/એમએજી/ક. ૩૭ (૧)/જા. નામુ/માર્ચ-૨૬/ફા.નં. ૩૨/૨૦૨૩.-આગામી માહે : એપ્રિલ-૨૦૨૬ ના માસ દરમ્યાન મહાવીર જયંતી, હનુમાન જયંતી, ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી, ગુડફાઈડે તથા પરશુરામ જયંતી જેવા તહેવારોની ઉજવણી થનાર છે અને જુદી-જુદી ધાર્મિક શોભાયાત્રા નિકળનાર છે. તેમજ રાજકોટ ગ્રામ્ય જીલલામાં વિવિધ રાજકીય પક્ષો તેમજ સંગઠનો દ્વારા આંદોલનો, રેલીઓ/ધરણા જેવા કાર્યક્રમો કરતા હોય છે. જે ધ્યાને લેતાં આ સમય દરમ્યાન રાજકોટ ગ્રામ્ય, જિલ્લા વિસ્તારમાં કાયદો વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવો બનવા ન પામે તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, **એન. કે. મુછાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મળેલ સત્તાની રૂએ આ નીચે દર્શાવ્યા મુજબના વિસ્તારમાં તા. ૦૧-૦૪-૨૦૨૬ થી ૩૦-૦૪-૨૦૨૬ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

કૃત્યો :

(૧) હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, લાકડી કે લાઠી, શસ્ત્રો, સળગતી મશાલ, બીજા હથિયારો કે જેના વડે શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવાના અથવા નાખવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવની તથા તૈયાર કરવાની, તથા કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાની.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૫) લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(૬) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતિ જોખમાતી હોય અથવા જેને પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :

પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેર, રાજકોટની હકુમત સિવાયનો રાજકોટ ગ્રામ્ય જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમના ખંડ-૧ તથા ૨ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

(૨) વૃધ્ધો તથા અશક્તો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય.

(૩) સક્ષમ સત્તાધિકારીશ્રી તરફથી જેને પરવાનગી આપવામાં આવેલ હોય તેવી વ્યક્તિઓ.

શિક્ષા :

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૨૩, માહે માર્ચ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો લગાડી હુકમ બહાર પાડ્યો.

રાજકોટ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)બી અન્વયેનું જાહેરનામુ

હુકમ

નં. જે/એમએજી/મું.પો.અ.-૩૩(૧)બી/ફા.નં.૦૧/૨૦૨૬.- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, રાજકોટ શહેરી વિકાસ સતામંડળ, રાજકોટના તા. ૦૨-૦૨-૨૦૨૬ના પત્ર નં. રૂડા/પીએમયુ/રોડ/૮૦૧ થી જણાવ્યાનુસાર, રાજકોટ શહેર વિકાસ સતામંડળ હસ્તકના એકઝીસ્ટીંગ રીંગરોડ-૨, ફેઝ-૩(ગોંડલ રોડ ટુ ભાવનગર રોડ)માં રસ્તાને રીસરફેસીંગની કામગીરી કરવાની હોવાથી સદર બાબતેની કામગીરી દરમ્યાન કોઈ અકસ્માત ન બને તે માટે રીંગરોડ-૨, ફેઝ-૩ કોરાટ ચોક થી કાળીપાટ ચોક સુધીના રોડ પરના ટ્રાફિકને ડાયવર્ઝન કરવાની જરૂરીયાત રહેલી હોવાનું તેમજ ભારે તથા હળવા વાહનો માટેનો વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અંગેનું જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

સબબ હું, **એન. કે. મુછાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** અમોને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી અન્વયે મળેલ સતાની રૂએ આ નીચે મુજબના વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવા માટે આથી હુકમ કરવામાં આવે છે.

૧. ભારે વાહનો માટે :

અ.નં.	રસ્તાનું નામ	પહોળાઈ (મી.)	લંબાઈ (કિ.મી.)	વૈકલ્પિક માર્ગ તરીકે આપવાનો થતો સમયગાળો
૧	NH-27 (કોરાટ ચોક થી આજી ડેમ ચોક)	૨૭.૦ મી. (૪-લેઈન)	૧૧.૦૦	તા. ૧૦-૦૨-૨૦૨૬ થી તા. ૦૫-૦૬-૨૦૨૬
૨	SH-25 રાજકોટ ભાવનગર રોડ (આજીડેમ ચોક થી કાળીપાટ ચોક)	૨૭.૦ મી. (૪-લેઈન)	૭.૬૦	

૨. હળવા વાહનો માટે :

અ.નં.	રસ્તાનું નામ	પહોળાઈ (મી.)	લંબાઈ (કિ.મી.)	વૈકલ્પિક માર્ગ તરીકે આપવાનો થતો સમયગાળો
૧	કોરાટ ચોક થી કોઠારીયા ચોકડી	૨૭.૦ મી, ૭.૦ મી. અને ૩.૫ મી.	૩.૫૦	તા. ૧૦-૦૨-૨૦૨૬ થી તા. ૧૯-૦૨-૨૦૨૬
૨	કોઠારીયા ચોક થી લાપાસરી ચોક	૭.૦ મી. અને ૩.૫ મી.	૧૨.૦૦	તા. ૧૯-૦૨-૨૦૨૬ થી તા. ૦૮-૦૩-૨૦૨૬
૩	લાપાસરી થી વડાળી ચોકડી	૭.૦ મી. અને ૩.૫ મી.	૩.૫૦	તા. ૦૮-૦૩-૨૦૨૬ થી તા. ૨૦-૦૩-૨૦૨૬
૪	વડાળીથી કાળીપાટ ચોકડી	૧૪.૦ મી., ૭.૦ મી. અને ૩.૫ મી.	૧૩.૦૦	તા. ૨૦-૦૩-૨૦૨૬ થી તા. ૨૫-૦૪-૨૦૨૬

સદરહુ રસ્તાઓ ઉપર જરૂરી દિશાસુચક સાઈન બોર્ડ રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી, રાજકોટએ લગાવવાનાં રહેશે.

અપવાદ :

પોલીસ તેમજ ઈમરજન્સી વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સમયગાળો :

આ જાહેરનામું તા. ૧૦-૦૨-૨૦૨૬ થી તા. ૦૯-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

દંડ :

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

આજ તારીખ ૧૦, માહે ફેબ્રુઆરી-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો મારી બહાર પાડેલ છે.

રાજકોટ, ૧૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

એન. કે. મુછાર
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
રાજકોટ જિલ્લા

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.05.12 14:28:19 IST